આદિજાતિના ઇસમોને બેન્ક મારફતે ધંધા રોજગાર માટે ખરીદ કરેલ વાહન ઉપર ૬% ના વ્યાજના દરે વ્યાજ સબસીડી આપવા બાબતની યોજના મંજૂર કરવા બાબતની સને ૨૦૨૦-૨૧ની નવી બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૨૦/ન.બા-૨૪/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૧/૦૭/૨૦૨૦

**વંચાણે લીધા:-**

(૧) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો તા.૦૪/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ વવસ/ધિ.વા/નવીબાબત/વશી/૪૨૭ થી ૪૨૮

**પ્રસ્તાવના:-**

આદિજાતિના ઇસમોને પગભર થવા માટે ધંધા રોજગાર માટે વાહન ટેક્ષી પાસીંગ પેસેન્જર વાન જેવા મોટા વાહન મેળવવા માટે લોનની જરૂરીયાત રહે છે. આદિજાતિના ઇસમો જો બેન્ક મારફતે લોન ઉપર વાહન મેળવે તો તેઓને વ્યાજનો ઉંચો દર હોવાના કારણે વાહન મેળવી શકતા નથી. અગર વ્યાજનો દર ઉંચો હોવાના કારણે તેઓ વ્યાજના કર દેવામાંથી બહાર આવી શકતા નથી અને પોતાનું જીવન ધોરણ ઉંચુ લાવી શકતા નથી આ સંજોગોમાં આદિજાતિના ઇસમો પગભર થાય અને પોતાનું જીવન નિર્વાહ સારી રીતે પસાર કરી શકે તે માટે તેઓને બેન્ક મારફતે જે વાહન લે તે વાહન માટે જે વ્યાજ હોય તેમાં ૬% ના વ્યાજના દરે સબસીડી આપવામાં આવે તો તે લોકોને રાહત મળી શકે તે માટે વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના પત્રથી ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં નવી બાબત તરીકે દરખાસ્ત કરવામાં આવેલ છે.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણા અંતે આદિજાતિના ઇસમોને બેન્ક મારફતે ધંધા રોજગાર માટે ખરીદ કરેલ વાહન ઉપર સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં ૧૦૦ ઇસમોને રૂ.૫.૦૦/- લાખથી રૂ.૨૦.૦૦/- લાખ સુધીના વાહન ઉપર ૬% (ટકા) ના દરે સબસીડી આપવા માટે વાર્ષિક એક લાભાર્થીને રૂ.૧,૨૦,૦૦૦/- પ્રમાણે ૧૦૦ લાભાર્થીના રૂ.૧૨૦.૦૦/- લાખ તથા ૫% (ટકા) વહીવટી ખર્ચ રૂ.૬.૦૦/- લાખ મળી રૂ.૧૨૬.૦૦/- લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

**શરતોઃ-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓ અને ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) ઉક્ત નવી બાબતની વહીવટી મંજૂરી અન્વયે નાણા વિભાગના કરકસર અંગેના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ.૧ થી અપાયેલ સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે વિભાગે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૧૨૬.૦૦/- લાખની નવી બાબત અંદાજપત્રમાં માંગણી ક્રમાંકઃ ૯૬ આયોજન, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા સદરઃ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૧૭-વીકિવાય-૨૬ આદિજાતિના લાભાર્થીઓને જુદી જુદી વ્યવસાયિક/શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે નાણાંકીય સહાય હેઠળ થયેલ જોગવાઇમાંથી ઉધારવો.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૫/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઇ.એ.દેસાઇ)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :-

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.